# અંબાજી ખાતે ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર ભાદરવી પૂનમનો મહામેળો

## આગોતરા આયોજન માટે પ્રવાસન સચિવ હારિત શુક્લાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં મીટીંગ મળી

બનાસકાંઠા, તા.૧૪

બનાસકાંઠા જિલ્લામાં આવેલ વિશ્વપ્રસિદ્ધ મા અંબાના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહા મેળો યોજાય છે. જેમાં ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસોમાં અંબાના દર્શનાર્થે પધારે છે. આ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓની યાત્રા સુખદ અને યાદગાર બની રહે એ માટે ગુજરાત સરકાર,બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સુચારૂ આયોજન કરીને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે આગામી તારિખ ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન થનાર છે. જેમાં આગોતરા આયોજન માટે પ્રવાસન સચિવ હારિત શુક્લાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં મીટીંગ મળી હતી. હારિત શુક્લાએ જણાવ્યું હતું કે દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં આવતા ભાવિક ભક્તો માટે ખૂબ સારી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે પણ આ સુવિધાઓમાં વધારો કરીને યાત્રાઓને મેળા દરમિયાન સુખદ અનુભવ થાય એવા પ્રયાસો કરવા તમામને જણાવ્યું હતું .

તેઓએ કહ્યું હતું કે, દર વર્ષે મેળાનો વ્યાપ વધતો જાય છે અને એ જ રીતે વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે. તેઓએ દરેક વિભાગને કરવાની થતી વ્યવસ્થાઓ વિશે ચર્ચા કરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. જેમાં શ્રધ્ધાળુઓ માટે બસ વ્યવસ્થા, રોકાણ અને ભોજન વ્યવસ્થા, સ્વાસ્થ્ય સુવિધાઓ,સ્વચ્છતા, પાર્કિંગ, કાયદો- વ્યવસ્થા,ટ્રાફિક નિયમન,અંબાજી નગરમાં લાઈટિંગ,મંદિરમાં દર્શન વ્યવસ્થા,સુરક્ષા- સલામતી, પ્રચાર - પ્રસાર સહિતની બાબતોની પ્રવાસન સચિવએ ચર્ચા કરીને સુવ્યવસ્થિત આયોજન થાય એ માટે સૌ અધિકારીઓને જણાવ્યું હતું. આ વર્ષે આગામી તારીખ ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત થનાર ભાદરવી પૂનમ મેળામાં આવનાર દરેક શ્રદ્ધાળુને વિશિષ્ટ અનુભવ થાય એ માટે એડવાન્સ પ્લાનિંગના ભાગરૂપે મિટિંગનું આયોજન કરી તૈયારીઓની શરૂઆત કરવામાં આવી હતી. આ મિટિંગમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના સી.ઈ.ઓ. રાજકુમાર બેનીવાલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર. રાવલ,આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેકટર વરૂણકુમાર બરનવાલ, જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, નાયબ વન સંરક્ષક અભયકુમાર સિંઘ,મંદિર ટ્રસ્ટના વહીવટદાર સિદ્ધિ વર્મા , સેપ્ટના પ્રોજેક્ટ ડિરેક્ટર રેશમા શાહ તેમજ વિવિધ વિભાગના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાન ગુજરાતના એક દિવસનો પ્રવાસ કરશે

# ૨૮મીએ વડાપ્રધાન જી-૨૦માં હાજરી આપશે

## વડાપ્રધાન મોદી અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે તેમજ અન્ય પ્રોજેક્ટનું ખાતમુર્હૂત કરશે

નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જુલાઈ માસના અંતિમ સપ્તાહમાં ગુજરાતના પ્રવાસે આવશે. ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયના કાર્યક્રમમાં હાજરી આપી શકે છે તેમજ રાજયના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું પણ લોકાર્પણ અને ખાત મુર્હત કરશે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત સહિત દેશભરમાં જી-૨૦ના વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે વડાપ્રધાન મોદી ગુજરાત પ્રવાસ દરમિયાન જી-૨૦ના કાર્યક્રમમાં હાજરી આપશે. આ સિવાય ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન મોદી ૨૮ જુલાઈએ એક દિવસ માટે ગુજરાતના પ્રવાસ પર આવશે. આ સાથે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે તેમજ અન્ય પ્રોજેક્ટનું ખાત મુર્હત કરશે. આ ઉપરાંત ક્લાયમેટ ચેન્જ સંદર્ભના કાર્યક્રમાં પણ હાજરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ફ્રાંસના પ્રવાસે છે. પીએમ અહીં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળ્યા અને અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો. આ દરમિયાન ँસ્એ પેરિસમાં એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયને સંબોધિત કર્યા હતા. ભારતીય સમુદાયને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે ભારતની ધરતી પણ મોટા પરિવર્તનની સાક્ષી છે.

આજે સમગ્ર વિશ્વ ભારત પ્રત્યે નવી આશા અને નવી આશાઓથી ભરેલું છે. આ ઉપરાંત મોદીએ કહ્યું હતુ કે ભારતના લોકતાંત્રિક મૂલ્યો સાથે મક્કમતાથી આગળ વધી રહ્યું છે.



સરદાર પટેલ કોલોની પાસે સેન્ટરમાં ચંદ્રયાન-૩ની વિદ્યાર્થીઓને સમજૂતિ આપવામાં આવી હતી.



શ્રાવણ મહિનામાં રક્ષાબંધનનો તહેવાર આવનાર છે ત્યારે હોલસેલ માર્કેટમાં રાખડીની ખરીદી કરવામાં આવી રહી છે.

## કચ્છમાં અડધી રાત્રે ભૂકંપના આંચકા આવતા ફફડાટ

અમદાવાદ, તા.૧૪

ફરી એકવાર કુદરતી આપત્તિથી લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે, એકબાજુ અનરાધાર વરસાદ વરસી રહ્યો છે, તો વળી બીજીબાજુ ભૂકંપના આંચકા પણ અનુભવાવવા લાગ્યા છે. તાજા સમાચાર પ્રમાણે, ગઈ રાત્રે કચ્છમાં ભૂકંપ આવ્યાનો અહેવાલો મળી રહ્યાં છે. ગઈ રાત્રે કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, આ આંચકો ૩.૦ ની તીવ્રતાનો હતો અને મોડી રાત્રે ૧૨.૧૬ કલાકની આજુબાજુ આવ્યો હોવાનું સામે આવ્યુ છે. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ કચ્છના ખાવડાની નૉર્થ વેસ્ટમાં ૩૫ કિમી દુર નોંધાયુ હતુ.

ખાસ વાત છે કે, કચ્છમાં અચાનક મોડી રાત્રે આવેલા ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ છવાયો છે. તાજેતરના તુર્કી અને સીરિયામાં આવેલા ભૂકંપથી ભારે તબાહી સર્જાઈ હતી. હજારો લોકોએ જીવ ગુમાવ્યા અને લાખો લોકો બેઘર બન્યા. તે જ સમયે, ભારતમાં પણ આવા જ ભૂકંપનો ખતરો તોળાઈ રહ્યો છે. એક અગ્રણી હવામાનશાસ્ત્રી અને ભૂસ્તરશાસ્ત્રીએ ચેતવણી આપી છે કે ભારતીય ટેક્ટોનિક પ્લેટ દર વર્ષે લગભગ ૫ સે.મી. આગળ વધી રહી છે.

# કેશોદ તાલુકામાં સાડા પાંચ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

કેશોદ, તા.૧૪

કેશોદ તાલુકામાં સાડા પાંચ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. સવારથી બપોરના ૪ વાગ્યા સુધીમાં સાડા પાંચ ઈંચ વરસાદ પડતા ચારે તરફ પાણી જ પાણી થઈ ગયા હતા. તો બીજી તરફ કેશોદના નાની ઘંસારી ગામે પ્રાથમિક શાળામાં પાણી ઘૂસી ગયા છે. શાળાના ઓરડા સુધી પાણી પહોંચી જતા સ્થિતિ વિકટ બની છે. ભારે વરસાદના કારણે શાળામાં પાણી ભરાયુ છે. વધુ વરસાદના કારણે શાળાના રૂમમાં વરસાદી પાણી ભરાતા બાળકોને શિક્ષણમાં વિક્ષેપ ઉભો થાય તેવી સ્થિતિ છે. નાની ઘંસારી પ્રાથમિક શાળાના મેદાન અને પાંચ રૂમમાં પાણી ઘુસી ગયા છે. તો બીજી તરફ આચાર્ય દ્વારા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આચાર્યએ શાળાની દિવાલ તોડી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરી છે. શાળાના આચાર્ય દ્વારા શિક્ષણાધિકારીને આ અંગે જાણ કરવામાં આવી છે. કેશોદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બીઆરસીને ટેલિફોનિક મેસેજ દ્વારા જાણ કરવામાં આવી છે.

કેશોદના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. વાડી વિસ્તારોના રસ્તાઓમાં નદી જેવો માહોલ સર્જાયો છે. ભારે વરસાદને કારમે ચેકડેમ અને તળાવો છલકાઈ ગયા છે. આ ઉપરાંત ખેતરોમાં પાણી ભરાયા છે. મૌસમનો કુલ સાડા એકવીસ ઈંચ વરસાદ પડી ચૂક્યો છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ઘેડ પંથકમાં ફરીથી જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. જૂનાગઢના માંગરોળ તાલુકાના સરસાલી ગામમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

# પંચાયતીરાજ વિભાગ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રોપર્ટીકાર્ડ પૂરા પાડશે

અમદાવાદ, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ્ય વિસ્તારોના મિલકત ધારકોની મિલકતની માપણી ડિજિટલ ટેકનોલોજીના આ યુગમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા કરવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા આ હેતુસર સ્વામિત્વ-સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્ડ ટેકનોલોજી ઈન વિલેજ એરિયાઝ-યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાતનો આ યોજના અંતર્ગત બીજા તબક્કામાં સમાવેશ કરવામાં આવ્યો છે. યોજના અન્વયે રાજ્યમાં કુલ અંદાજિત ૧૪, ૮૧૪ ગામોમાં પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૦૦ ઉપરાંત ગામોમાં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ડ્રોન સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ક્રમશઃ આગામી સમયમાં આયોજનપૂર્વક રાજ્યમાં આ યોજના અંતર્ગત સમાવિષ્ટ તમામ ગામોમાં પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સ્વામિત્વ યોજના હેઠળ રેકર્ડ પ્રમોલગેશન બાદ તૈયાર થયેલાં પ્રોપર્ટીકાર્ડની પ્રથમ નકલ ગ્રામ્ય વિસ્તારના છેવાડાના નાગરિકો એવા મિલકતધારકોને નિઃશુલ્ક વિતરણ કરવાનો ગ્રામીણ હિતલક્ષી ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયની ફળશ્રુતિએ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને સ્વામિત્વ યોજનાનો બહોળા પ્રમાણમાં લાભ મળશે અને સુખાકારીમાં વૃદ્ધિ થશે. એટલું જ નહિ, ગ્રામીણ નાગરિકોને પોતાની મિલકત સંબંધી સંપૂર્ણ જાણકારી ઉપલબ્ધ થઈ શકશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ મહાત્વાકાંક્ષી યોજનાથી ગ્રામીણ ભારતના સશક્તિકરણ માટે ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. આટલા મોટાપાયે સૌપ્રથમ વખત સૌથી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સર્વે કામગીરી હાથ ધરાવાને કારણે ગ્રામીણ વિસ્તારના લાખો મિલકત ધારકોને રેકર્ડ ઓફ રાઈટ્સ મળશે.

આ યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારના દરેક મિલકત ધારકોને સૌપ્રથમ વખત માલિકી હક્ક દર્શાવતું એક કાયદાકીય દસ્તાવેજ પ્રાપ્ત થશે.આવા મિલકત ધારકોને કાયદાકીય દસ્તાવેજ તરીકે પ્રોપર્ટીકાર્ડ મળી રહેવાથી તેઓની સંપત્તિનો ઉપયોગ લોન અને અન્ય નાણાકીય લાભો લેવામાં સરળતા રહેશે.

### અસરગ્રસ્ત જીલ્લાઓમાં કુલ ૩૧૧ ટીમો દ્વારા સત્વરે સર્વેની કામગીરી

# બિપોરજોય વાવાઝોડામાં થયેલ પાક નુકશાન અંગે ૨૪૦ કરોડનું પેકેજ જાહેર

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત સરકારે બિપોરજોય વાવાઝોડામાં થયેલ પાક નુકશાન અંગે ૨૪૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. જેમાં સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાજ્યમાં તાજેતરમાં બિપરજોય વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકોને થયેલા વ્યાપક નુક્સાનમાંથી તેમને પૂર્નઃબેઠા કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૨૪૦ કરોડનું રાહત-સહાય પેકેજ જાહેર કરાયું છે.

આ પેકેજની વિસ્તૃત વિગતો આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં ચાલુ વર્ષે જૂન માસમાં ત્રાટકેલા ‘‘બિપરજોય’’ વાવાઝોડાના કારણે કૃષિ તેમજ બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયેલ છે.જેમાં મુખ્યત્વે કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં અસર થઈ છે.કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં અંદાજીત ૧ લાખ ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં કૃષિ અને બાગાયતી પાકોને અસર થઈ છે તેમજ ખૂબ મોટી સંખ્યામાં ફળઝાડ પડી જવાથી આંશિક કે સંપૂર્ણ નાશ પામ્યા છે.

તેમણે ઉમેર્યુ કે,વાવઝોડાથી અસરગ્રસ્ત આ જીલ્લાઓમાં કુલ ૩૧૧ ટીમો દ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ વાવાઝોડાથી મહત્તમ અસરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓનાં ખેડુતોને મદદરૂપ થવા અંદાજિત રૂપિયા ૨૪૦ કરોડની માતબર રકમનું વાવાઝોડુ કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ છે.

તેમણે ઉમેર્યુ કે,વાવઝોડાથી અસરગ્રસ્ત આ જીલ્લાઓમાં કુલ ૩૧૧ ટીમો દ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ વાવાઝોડાથી મહત્તમ અસરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓનાં ખેડુતોને મદદરૂપ થવા અંદાજિત રૂપિયા ૨૪૦ કરોડની માતબર રકમનું વાવાઝોડુ કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ છે. તેમણે ઉમેર્યુ કે, મુખ્યમંત્રી દ્વારા ખાસ સહાનુભુતિ અને ઉદારતા રાખી આ પેકેજમાં સૌપ્રથમ વખત સહાયના ધોરણોમાં ધરખમ વધારો કરવાનો નિર્ણય કર્યો છે. મંત્રી એ કહ્યુ કે,બાગાયતી પાકો-ફળઝાડ પડી જવાથી નુકશાનીમાં સહાયરૂપ થવા માટે સૌપ્રથમ વખત રાજ્ય સરકારે ઉદાર નીતિ દાખવી બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦ ટકા કે તેથી વધુ અને ૩૩ ટકા સુધીના ઝાડ ઉખડી જવાના/પડી જઈ /ભાંગી જઈ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કિસ્સામાં પણ રાજ્ય ભંડોળમાંથી ૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર કરવામાં આવી છે.

### ઘ-૦થી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગો પર ડામર પેન્ટીંગ અને પેચવર્કનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર અત્યાર સુધી શહેરના અંદાજિત ૧૦ કી મી માર્ગમાં આ મુજબ પેચવર્ક સહીતની કામગીરી કરવામાં આવી છે. જયારે વરસાદનો ભેજ પણ જમીનમાં સંગ્રહ થઈ ગયો હોવાના લીધે જયાં ખાડા ટેકરાની સ્થિતિ અસ્તિત્વમાં આવે તેવા ઠેકાણે મેટલનુ પુરાણકામ પણ કરવામાં આવશે. શહેરના ઘ- ૦ થી રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગની હાલત પણ વારંવાર ખરાબ થઈ જાય છે જેના લીધે રોજબરોજ આ રૂટમાંથી મોટી સંખ્યામાં પસાર થતા વાહનચાલકો માર્ગની ડિસ્કો હાલતથી પરેશાન છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાય છે. ત્યારે આ માર્ગના પેચવર્ક સહીત આગામી દિવસોમાં આ રસ્તાનુ રીસરફેસીંગ કરવા માટે પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે.

### સફાળું જાગ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાનો વધારો થવાની સાથે કુલ સંખ્યા ૪ થઈ હતી. જ્યારે ૩૦ ટકાથી નીચુ પરિણામ મેળવનારી શાળાઓની સંખ્યા ગત વર્ષે ૨૮ નોંધાયા બાદ આ વર્ષે તેમાં ૧૧ શાળાના ઘટાડા સાથે કુલ સંખ્યા ૧૭ છે જ્યારે ધોરણ ૧૨માં શુન્ય પરિણામ ધરાવતી અને ૩૦ ટકાથી નીચું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવી ન હતી. પરંતુ સૌથી ઓછું પરિણામ લવારપુરની શાળાનું ૬૬.૦૭ ટકા રહ્યું છે . આવા સંજોગોમાં જિલ્લાની ૪ શાળાઓ સામે યોગ્ય પગલાં લેવાય તેવી સંભાવના પણ પ્રબળ બની છે.

### સીસી રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવ્યુ છે. જયારે એશની સમસ્યના લીધે ડામર માર્ગ વારંવાર ઉબડ ખાબડ બની જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ રૂટમાં સી સી રોડ બનાવવા માટે પણ વિચારણા કરવામાં આવી રહી છે. જેથી માર્ગને નુકશાન ન થાય તેમજ સ્થાનિકોને યોગ્ય રોડ નેટવર્ક મળી રહે. માર્ગ ઉબડ ખાબડ બનતા હાલ સ્થાનિકો પણ હાલાકી વેઠી રહ્યા છે. જયારે અનેકવાર સ્થાનિકો દ્વારા આ માર્ગની સુધારણા હાથ ધરવા તેમજ આ વિસ્તારની સમસ્યાને ધ્યાનમાં રાખીને સી સી રોડ બનાવવા માટે પણ માંગ કરવામાં આવી છે. જો કે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ વિસ્તારમાં પાણીના ભરાવાની સમસ્યાને પ્રથમ નિવારવા માટે કોર્પોરેશનને પત્ર લખી સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા માટે પણ સુચવ્યુ છે. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈન સાથે નવો સી સી રોડ બનાવવા માટે પણ દરખાસ્ત કરી છે. જેની મંજુરીના અંતે આગળ કામગીરી હાથ ધરવામાં આવશે.

### ચંદ્રયાન-3

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉતરશે. ઈસરોનું આ ત્રીજું ચંદ્ર મિશન છે. હજારો લોકોની હાજરીમાં ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવ્યું હતું.

ચંદ્રયાન-૩ મિશન ભારતના મૂન મિશનનો મહત્ત્વનો તબક્કો અને ભાગ છે. ૨૦૦૮માં ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા મૂન મિશનનો ત્રીજો તબક્કો છે. પહેલાં બે તબક્કામાં થયેલી ભુલો અને નડેલી મુશ્કેલીઓને સુધારીને આ વખતે ઈસરો દ્વારા ચંદ્રની ધરતી ઉપર રોવર લેન્ડર ઉતારવાની તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. ૨૨ જુલાઈ ૨૦૧૯ના રોજ ચંદ્રયાન-૨ ચંદ્રની સપાટી ઉપર મોકલવામાં આવ્યું હતું તે ૪૮ દિવસ બાદ ૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ચંદ્રની સપાટી ઉપર લેન્ડ થવાનું હતું. લેન્ડિંગની ગણતરીની મિનિટો પહેલાં તેનો સંપર્ક તૂટી ગયો અને તે ક્રેશ થઈ ગયું હતું. તે વખતું અધુરું રહી ગયેલું સ્વપ્ન અને અભિયાન ચંદ્રયાન-૩ દ્વારા હાલ સાકાર થતું જોવા મળી રહ્યું છે. ચંદ્રની સપાટી ઉપર ભારતનું રોવર લેન્ડર સોફ્ટ લેન્ડિંગ કરશે.

ચંદ્રયાન-૩ મિશન માત્ર ભારત માટે જ નહીં પણ દુનિયાના બાકીના દેશો માટે પણ ખૂબ જ મહત્ત્વનું છે. ભારતના આ મિશન થકી દુનિયાના આગામી મૂન મિશનને ખૂબ જ મોટો ફાયદો થવાનો છે. તેમાંય અમેરિકા દ્વારા માણસોને ચંદ્ર ઉપર મોકલવાની જે તૈયારીઓ ચાલી રહી છે તેને પગલે અમેરિકાને ભારતની સફળતાની સૌથી વધારે આશા છે.

### નિસાર ઉપગ્રહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળીને નાસા-ઈસરો સિંથેટિક અર્પચર રડાર એટલે કે નિસાર ઉપગ્રહ તૈયાર કર્યો છે. ઈસરો અને નાસાનું આ સંયુક્ત અભિયાન ભારત અને અમેરિકાની મૈત્રીનું વધુ એક ઉદાહરણ છે.

પહેલાં તબક્કામાં ઈસરોએ નિસાર ઉપગ્રહ બનાવવાનું કામ કર્યું. અને ૨૦૨૩માં આ ઉપગ્રહ સરકારને સોંપવામાં આવ્યો. ત્યાર બાદ બેંગલુરુમાં નિસાર ઉપગ્રહને વિકસાવવાનું કામ ઈસરો દ્વારા ચાલી રહ્યું છે. પૃથ્વીની જમીન અને બરફના પૃષ્ઠભાગના હલનચલનનો ખૂબ જ ઝીણવટથી અભ્યાસ કરવા માટે નાસા અને ઈસરો સયુંક્ત રીતે નિસાર ઉપગ્રહ વિકસાવી રહી છે.

નિસાર સેટલાઈટ પૃથ્વીના દરેક ભાગ પર દર ૧૨ દિવસે એકવાર નિરિક્ષણ કરશે. જેને કારણે પૃશ્વીના હવામાનના યોગ્ય અવલોકન સાથે જમીન, જંગલ અને ખેતી લાયક જમીનની ગતિશીલતા સમજવામાં પણ મદદ થશે.

નિસાર ઉપગ્રહને કારણે વિશ્વને કુદરતી આફત પહેલાં માહિતી મળશે. કૃષિ ક્ષેત્રે પણ આ ઉપગ્રહ મહત્વનો ભાગ ભજવશે. નિસાર ઉપગ્રહ પૃથ્વીના પૃષ્ઠભાગનું સંપૂર્ણ વિશ્લેષણ કરી માહિતી ભેગી કરશે. આનો ઉપયોગ કુદરતી આફતો, ભૂસ્ખલન પ્રણવ ક્ષેત્ર શોધવા તથા કૃષિ જેવા અનેક કાર્યો માટે કરવામાં આવશે. ૨૦૨૪માં નિસાર ઉપગ્રહનું પ્રક્ષેપણ થવાની શક્યતાઓ છે. શ્રીહરીકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી નિસાર સેટેલાઈટ અવકાશમાં છોડવામાં આવશે.

### ત્રણ ભાગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપાટી ઉપર સંશોધન શરૂ કરશે ત્યારે તેની સાથે પણ ઓર્બિટરનું કનેક્શન રહેશે. રોવર દ્વારા જે પણ માહિતી ભેગી કરવામાં આવશે તે પૃથ્વી સુધી મોકલવાનું કામ ઓર્બિટર થકી જ કરવામાં આવશે. ચંદ્રયાન-૨માં હતા તે લેન્ડર વિક્રમ અને રોવર પ્રજ્ઞાનનું અપગ્રેડેડ વર્ઝન આ યાનમાં જોડવામાં આવ્યું છે. તેમની કામગીરી પણ પહેલાં જેવી જ છે પણ વધારે સુરક્ષિત છે. લેન્ડર પાસે આ વખતે લેઝર અને આરએફ આધારિત અલ્ટિમિટર ધરાવે છે. તેનું સોફ્ટવેર પણ એટલું આધુનિક છે કે, કિલોમીટરો સુધી જો કોઈ જોખમ હશે તો તેને પહેલેથી જ જાણ થઈ જશે અને લેન્ડિંગની જગ્યા અંતિમ ઘડી સુધી બદલી શકાશે.

આ વખતે ઑર્બિટર નહીં પરંતુ સ્વદેશી પ્રોપલ્શન મોડ્યૂલ મોકલાઈ રહ્યું છે. જે લેન્ડર અને રોવરને ચંદ્રની કક્ષામાં લઈને જશે. ત્યારબાદ તે ચંદ્રનું પરિભ્રમણ કરશે. રોવર ચંદ્રની સપાટી અને વાતાવરણનું અધ્યયન કરશે.

### પેમેન્ટ કરી શકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપતી મુખ્ય સંસ્થા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ફ્રાંસની ઝડપી અને સિક્યોર ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમ લાયરા સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ કર્યા હતા. જ્યારે પીએમ મોદી અહીં પહોંચ્યા ત્યારે ભારતીય સમુદાયના લોકોએ મોદી, મોદી... સહિત ભારત માતા કી જયના પણ નારા લગાવ્યા હતા. ત્યારે પીએમ મોદીએ કહ્યું કે, ટૂંક સમયમાં ફ્રાંસમાં મહાન તમિલ દાર્શનિક તિરુવલ્લુવરની એક પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવશે.